જિનશાસનના અણગાર, શાસનના શણગાર પૂજ્ય સંયમી ગીતાર્થ ગુરુભગવંતોના ચરણોમાં સાદર અનંતશઃ વંદન...

અહો ! શ્રુતજ્ઞાનમ્ નો વિ.સં.૨૦૭૨ નો અંતિમ ૩૮ મો અંક આપના કરકમળમાં સમર્પિત કરતાં હર્ષાનંદ અનુભવુ છું. છેલ્લા નવ વર્ષથી શ્રુતજ્ઞાનનું કાર્ય કરતાં કેટલીક વાસ્તવિક પરિસ્થિતિઓ ધ્યાનમાં આવી છે, જે તરફ આપનું ધ્યાન દોરવાનો નમ્ર પ્રયાસ છે.

આપણા વિશ્વવંદનીય શ્રી જૈન સંઘમાં પ્રતિ વર્ષ, જે પુસ્તકાદિ પ્રિન્ટીંગ કાર્ય થતું હશે, તે સરેરાશપણે અન્ય કોઇ પણ ધર્મ કે સંસ્થા કરતા વધુ હશે, માત્ર છાપકામ નહીં, ગુણવત્તાની દૃષ્ટિએ, પેપરની ક્વોલીટી, સાજ સજ્જા વગેરે પણ આપણે ત્યાં ઘણુ કરીને ક્વોલીટી વર્ક હોય છે. પ્રિન્ટીંગમાં સરેરાશ જોશો તો આપણી પત્રિકાઓમાં કદાચ લેટેસ્ટ પ્રિન્ટીંગ વર્ક જોવા મળી શક્શે. હાલના નવા નવા મહાત્માઓ જે પુસ્તકો-ગ્રંથો લખે છે. તે પણ વર્તમાન લેખકોને સમકક્ષ બની રહે છે. આપણા મગેઝીનોમાં પણ હવે લે-આઉટ, આવરણ વગેરેમાં જમાના અનુરૂપ રૂપ-રંગ સાજ સજ્જા બદલાઇ રહ્યા છે. પ્રિન્ટીંગ ડીજીટલનો વધતો વિસ્તાર, માત્ર ભારતમાં નહિ, સમગ્ર વિશ્વને પેપરલેસ ઓફીસ તરફ દોરી રહ્યો છે. એક નાનકડી ચીપ્સમાં આખો જ્ઞાનભંડાર સમાઇ જાય છે. મહાનગરોમાં વધતી જનસંખ્યા અને જગ્યાની મર્યાદિતતાને કારણે ઓછી જગ્યામાં વધુ સમાવવાનો મેનીયા કહો કે પરિસ્થિતિ ઉભી થઇ જાય છે. ઇકો-ફ્રેન્ડલી સિસ્ટમ પણ કાગળના લઘુત્તમ ઉપયોગ તથા પુઃન વપરાશ પર ભાર મૂકે છે. અમુક પ્રચલિત ક્ષેત્ર અને પર્ટીક્યુલર કામ સિવાય કાગળનો વપરાશ ઘટી રહ્યો છે. આ બધી વર્તમાન પરિસ્થિતિમાં શ્રી જૈન સંઘે પણ અમુક બાબતે ફેર વિચારણા કરવી જરૂરી જણાય છે.

આ સંજોગોમાં ક્યા પુસ્તકો કેટલા છપાવવા તે માટે વિવેક ઔચિત્ય જરૂરી છે.

(૧) શાસ્ત્રગ્રંથો, ભલે બહુજન ઉપયોગી ન હોય છતાં, પણ ભવિષ્યના સાધુ સમુદાયમાં એની પરંપરા વહેવી જરૂરી હોઇ, તે પ્રિન્ટીંગ યોગ્ય છે જ, પણ એમાં નકલોમાં વિવેક કરી શકાય. ૨૦૦-૨૫૦ જ્ઞાનભંડારો, ૧૦૦-૧૫૦ પૂજ્ય આચાર્યાદિ ભગવંતો અને ૧૦૦ જેવી અભ્યાસ માટે અનામત (ગ્રંથની આવશ્યક્તા મુજબ) વધુ નકલો છપાવી હોય તો ચાલી શકે. જેથી પાછળથી પુસ્તકોનો ભરાવો ન થાય.

(૨) વ્યાખ્યાન, સ્તુતિ-સ્તવનો આદિની પુસ્તકો છપાવવામાં તો સારો એવો વિવેક જરૂરી છે. વ્યાખ્યાનની પુસ્તકોનું આયુષ્ય ૧૫-૨૦ વર્ષ પુરતું જ હોય છે. પ્રતિ વર્ષ અનેક લેખકોની અનેકાનેક પુસ્તકો બજારમાં ઉપલબ્ધ થતી રહે જ છે. એક-બે કે ચાર વાર વાંચ્યા પછી અમુક સિલેક્ટેડ પુસ્તકોને બાદ કરતાં, એ હવે ઘરમાંથી કાઢવાની જ ફીરાકમાં હોય છે. એ સમયે વિવેકપૂર્વક આપણા પુસ્તકો કેટલી સંખ્યામાં છપાવવા એ આપણે જ નક્કી કરવાનું હોય છે. મોટે ભાગે પુસ્તકો ખૂબ જ સારા હોય છે, પણ વાસ્તવમાં, એ જ્યાં પહોંચવા જોઇએ ત્યાં પહોંચતા નથી અને જેમને એની જરૂર કે કિંમત નથી એ જ સર્કલમાં એ ફરતી રહે છે, માટે પણ તેની યોગ્ય કદર થતી નથી.

(અનુસંધાન પાન નં- ૭ ઉપર)

લી. સકળશ્રી સંઘ ચરણસેવક
શાહ બાબુલાલ સરેમલ બેડાવાલા

" दासोऽहं सर्वसाधूनाम् "



Scanned with CamScanner

# નૂતન પ્રકાશન સંવત - ૨૦૭૨

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા /સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૧ | શ્રુત વૈભવ | પૂ.જિનપ્રેમવિજયજી | ગુજ. | જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| ૨ | નિતિઉદય ધારા | આ.રાજતિલકસૂરિજી | હિં. | કસ્તુર મોક્ષ આરાધના ટ્રસ્ટ |
| ૩ | શ્રી સિદ્ધચક આરાધના | આ.રાજતિલકસૂરિજી | હિં. | કસ્તુર મોક્ષ આરાધના ટ્રસ્ટ |
| ૪ | વૈરાગ્ય કલ્પલત્તા ભાગ ૪ થી ૯ | પં.પ્રવિણચંદ્ર મોતા | સં/ગુજ. | ગીતાર્થ ગંગા |
| ૫ | ઉપદેશ પદ ભાગ ૨ થી ૪ | પં.પ્રવિણચંદ્ર મોતા | સં/ગુજ. | ગીતાર્થ ગંગા |
| ૬ | ઉપમિતિ ભવપ્રપંચ કથા ભાગ ૭ થી ૯ | પં.પ્રવિણચંદ્ર મોતા | સં/ગુજ. | ગીતાર્થ ગંગા |
| ૭ | યોગ શાસ્ત્ર, ભાગ ૧,૨ | પં.પ્રવિણચંદ્ર મોતા | સં/ગુજ. | ગીતાર્થ ગંગા |
| ૮ | સમાધિશતક | પં.પ્રવિણચંદ્ર મોતા | સં/ગુજ. | ગીતાર્થ ગંગા |
| ૯ | કૈલાશશ્રુતસાગર ભા-૧૯ થી ૨૧ | શ્રી સંજયકુમારજી | હિં | શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર |
| ૧૦ | ભારતીય પુરાલિપિ મંજુષા | શ્રી ઉત્તમકુમાર | હિં. | શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર |
| ૧૧ | જૈન રામાયણ ભા-૧ થી ૩ | પૂ.ભદ્રગુપ્તસૂરિજી | ગુજ. | શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર |
| ૧૨ | મયણા | પૂ.ભદ્રગુપ્તસૂરિજી | ગુજ. | શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર |
| ૧૩ | પ્રશમરતિ | પૂ.ભદ્રગુપ્તસૂરિજી | ગુજ. | શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર |
| ૧૪ | પાંપણે બાંધ્યુ પાણિયારું | પૂ.ભદ્રગુપ્તસૂરિજી | ગુજ. | શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર |
| ૧૫ | ગુણ સ્થાનક ક્રમારોહ (પ્રત) | પૂ.પૂર્ણચંદ્રસાગરસૂરિજી | સં. | આગમોદ્ધારક ફાઉન્ડેશન |
| ૧૬ | શ્રમણોપયોગી સાર્થ | પૂ.પૂર્ણચંદ્રસાગરસૂરિજી | પ્રા/ગુજ. | આગમોદ્ધારક ફાઉન્ડેશન |
| ૧૭ | વિચાર યાત્રા | પં.પદ્મદર્શનવિજયજી | ગુજ. | સત્સંગ પરિવાર |
| ૧૮ | ભક્તિ સ્તોત્રાણિ | | સં/ગુજ. | ઓમકારસૂરિ આરાધના ભવન |
| ૧૯ | હું જાગુ એટલી વાર | આ.રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૨૦ | મુંબઇ ટુ મુંબઇ | આ.રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૨૧ | અરમાન | આ.રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૨૨ | મેઘધનુષ | આ.રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૨૩ | એક જ વાર | આ.રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૨૪ | વિસ્મયના સ્મરણ થી | આ.રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૨૫ | સરસ્વતી કલ્પ | આ.ફુલચંદ્રસૂરિજી | ગુજ. | જૈન યુનિવર્સિટી ટ્રસ્ટ |
| ૨૬ | કેમ? કેમ? | પૂ.કલ્પરત્નવિજયજી | ગુજ. | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૨૭ | જિન ભક્તિના તાણાવાણા | પૂ.કલ્પરત્નવિજયજી | ગુજ. | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૨૮ | અધ્યાત્મરવિની પિતૃછબિ | ભારતી દિપક મહેતા | ગુજ. | થીંક ફિયેસ્ટા |
| ૨૯ | પ્રભુ ગુણ પ્યાસા પીયે | પૂ.કલ્પરત્નવિજયજી | ગુજ. | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૩૦ | શબ્દનો ચમત્કાર | પૂ.કલ્પરત્નવિજયજી | ગુજ. | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૩૧ | શ્રમણમાર્ગ સાધના | પૂ.કલ્પરત્નવિજયજી | ગુજ. | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૩૨ | યતીહિત શિક્ષા | પૂ.કલ્પરત્નવિજયજી | ગુજ. | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૩૩ | અષ્ટાપદ તીર્થ કી ભાવયાત્રા | ગણિ હિતવર્ધન વિજયજી | હિં | કુસુમ અમૃત ટ્રસ્ટ |
| ૩૪ | કીર્તિગાથા હેમચંદ્રાચાર્ય કી | ગણિ હિતવર્ધન વિજયજી | ગુજ. | કુસુમ અમૃત ટ્રસ્ટ |
| ૩૫ | હસ્તલિખિત ઝેરોક્ષપ્રતો કી યાદી | પૂ.રત્નત્રયવિજયજી | હિં | રંજનવિજયજી પુસ્તકાલય |



Scanned with CamScanner

# નૂતન પ્રકાશન - ૨૦૭૨

શ્રીમદ્ વિજય જિનચંદ્રસૂરીશ્વરજી મહારાજાના સંયમજીવનના અર્ધ શતાબ્દિ વર્ષ નિમિત્તે પૂ.આ.શ્રી યોગતિલકસૂરિજી મ.સા.ની વાચના અને પ્રવચનોનું સંકલન કરીને વાચના સાહિત્ય શ્રેણી (ગુજરાતી) પ્રવચન સાહિત્ય શ્રેણી (હિન્દી) તેમજ વિવિધ વિષયોના સુંદર મનનીય અને કથા સાહિત્યના બોધપ્રદ પુસ્તકો પૂ.આ.શ્રી યોગતિલકસૂરિજી મ.સા.એ સંપાદન કરીને શ્રી સંયમસુવાસ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યા છે.

| | | |
|---|---|---|
| ઉજ્જવલ પરંપરા | પાટ પરંપરા | ગુજ. |
| કનક કીર્તન | આ.કનકપ્રભસૂરિજી મ.સા.જીવન ચરિત્ર | ગુજ. |
| શાન્ત તપોમૂર્તિ | આ.શાન્તિચંદ્રસૂરિજી મ.સા.જીવન ચરિત્ર | ગુજ. |
| સૂરિશાન્તિના ચરમપટ્ટધર | આ.જિનચંદ્રસૂરિજી મ.સા.જીવન ચરિત્ર | ગુજ. |
| પુષ્પ પૂજા | પ્રભુ પૂજામાં ઉપયોગી ૪૫ પુષ્પોનો સચિત્ર પરિચય | ગુજ. |
| બાળદીક્ષાને રાજમાન્યતા | બાળદીક્ષા અંગેના રાજ્યના પરિપત્રોનો સંગ્રહ | ગુજ. |
| બાળદીક્ષા કો રાજમાન્યતા | બાળદીક્ષા અંગેના રાજ્યના પરિપત્રોનો સંગ્રહ | હિન્દી |
| સત્વના પ્રભાવે | વીરભાણ ઉદયભાણ જીવન ચરિત્ર | ગુજ. |
| મહાવ્રતનો મહિમા | મહાવ્રતના પાલન માટે આવશ્યક બાબતોનું વર્ણન | ગુજ. |
| સમ્યકત્વના લિંગો | સમ્યકત્વના ત્રણ લિંગોનું તલસ્પર્શી વિવેચન | ગુજ. |
| તેર દોષોની ઓળખ | ધર્મ પ્રાપ્તિ પછી નડી શકે એવા દોષોનું વિવેચન | ગુજ. |
| મહામંત્રીશ્વર પેથડશાહ | શ્રી પેથડશાહ જીવન આધારિત પ્રવચન | ગુજ. |
| દોષ થી દુઃખ ગુણ થી સુખ | સિંહ ગુફાવાસી મુનિના જીવન આધારિત | ગુજ. |
| મહારાજા નળ મહાસતી દમયંતી | નળદમયંતી ચરિત્ર આધારિત પ્રવચનો | ગુજ. |
| સમ્યકત્વના લક્ષણો | સમ્યકત્વના ત્રણ લક્ષણ આધારિત પ્રવચનો | ગુજ. |
| યોગ માર્ગની ઓળખ-૧,૨ | યોગશાસ્ત્ર ગ્રન્થ આધારિત પ્રવચનો | ગુજ. |
| પૂષ્પ પૂજા (સંક્ષિપ્ત) | પ્રભુ પૂજામાં ઉપયોગી ૪૫ પુષ્પોનો સંક્ષિપ્ત પરિચય | ગુજ. |
| પરમાત્મવંદના | નિત્ય ઉપયોગી સ્તુતિ-સ્તવન | ગુજ. |
| જૈન શાસનની દીક્ષા | દીક્ષાનું વર્ણન-પ્રશ્નોત્તર | કચ્છી |
| સચ્ચે સુખ કી ખોજ મેં | સુખ પદાર્થ કા માર્મિક વિશ્લેષણ | હિન્દી |
| પરિવાર સંસ્કારીકરણ | પરિવાર સંસ્કારી બનાને કે ઉપાય | હિન્દી |
| કર્મ કી હાર ધર્મ કી જીત | ભીમસેન ચરિત્ર આધારિત પ્રવચન | હિન્દી |
| ધર્મ પ્રાપ્તિ કે ઉપાય | ધર્મ પ્રાપ્તિ કે તીન ઉપાયો કા વિવેચન | હિન્દી |
| સજ્જનતા | સજ્જન કે આઠ ગુણો કા વિશ્લેષણ | હિન્દી |
| તારક તત્વ કી પહચાન | દેવ,ગુરુ, ધર્મ કી પહેચાન કરાનેવાલે પ્રવચન | હિન્દી |
| સાધના દે સફલતા | ચંડકૌશિક કે જીવન આધારિત પ્રવચન | હિન્દી |
| Jain Shasan's Diksha | કોલેજ જતા યુવકોનું જૈન આચાર્ય સાથેનો સંવાદ | અંગ્રેજી |

# નૂતન પ્રકાશન સંવત - ૨૦૭૨

## અહો ! શ્રુતજ્ઞાનમ્ ગ્રંથ જીર્ણોદ્ધાર - સંવત ૨૦૭૨

પૂજ્ય ગુરુદેવોની પ્રેરણા અને આશીર્વાદથી શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર દ્વારા દર વર્ષે પ્રાયઃ અપ્રાપ્ય અને જીર્ણ પુસ્તકોને ડીજીટાઇજેશન કરીને તેની મર્યાદિત નકલો જુદા જુદા શહેરોમાં આવેલ ઉત્તમજ્ઞાનભંડારોને ભેટ મોકલાવામાં આવે છે. આ રીતે આ વર્ષે પણ ૨૧ પુસ્તકોનો જીર્ણોદ્ધાર કરવામાં આવેલ છે. આ પદ્ધતિથી અત્યાર સુધીમાં ૨૨૨ પુસ્તકોનો ડીજીટાઇજેશન દ્વારા જીર્ણોદ્ધાર કરીને તેની ડીવીડી બનાવીને જ્ઞાનભંડારોને ઇ-લાયબ્રેરી દ્વારા સમૃદ્ધ બનાવવાનું કાર્ય પણ નૂતન ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા શક્ય બનેલ છે. જેઓને પણ પોતાના જ્ઞાનભંડારોને ઇ-લાયબ્રેરી રૂપે સમૃદ્ધ બનાવવો હોય તેઓને પત્ર લખવાથી અથવા ઇમેઇલ કરવાથી બધા જ પુસ્તકોની ડીવીડી ભેટ આપવામાં આવશે. તો લાભ આપવા વિનંતી છે. આ વર્ષે પુનઃ પ્રકાશિત થનાર ગ્રંથોની યાદી

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા /ટિકાકાર | ભાષા | સંપાદક-પ્રકાશક | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | આચારાંગ સૂત્ર ભાગ-૧ | શ્રી શિલંકાચાર્ય | ગુજ | શ્રી માણેક મુનિ | ૨૮૫ |
| ૨ | આચારાંગ સૂત્ર ભાગ-૨ | શ્રી શિલંકાચાર્ય | ગુજ | શ્રી માણેક મુનિ | ૨૮૦ |
| ૩ | આચારાંગ સૂત્ર ભાગ-૩ | શ્રી શિલંકાચાર્ય | ગુજ | શ્રી માણેક મુનિ | ૩૧૫ |
| ૪ | આચારાંગ સૂત્ર ભાગ-૪ | શ્રી શિલંકાચાર્ય | ગુજ | શ્રી માણેક મુનિ | ૩૦૭ |
| ૫ | આચારાંગ સૂત્ર ભાગ-૫ | શ્રી શિલંકાચાર્ય | ગુજ | શ્રી માણેક મુનિ | ૩૬૧ |
| ૬ | સુયગડાંગ સૂત્ર ભાગ-૧ | શ્રી શિલંકાચાર્ય | ગુજ | શ્રી માણેક મુનિ | ૩૦૧ |
| ૭ | સુયગડાંગ સૂત્ર ભાગ-૨ | શ્રી શિલંકાચાર્ય | ગુજ | શ્રી માણેક મુનિ | ૨૬૩ |
| ૮ | સુયગડાંગ સૂત્ર ભાગ-૩ | શ્રી શિલંકાચાર્ય | ગુજ | શ્રી માણેક મુનિ | ૩૯૫ |
| ૯ | સુયગડાંગ સૂત્ર ભાગ-૪ | શ્રી શિલંકાચાર્ય | ગુજ | શ્રી માણેક મુનિ | ૩૮૬ |
| ૧૦ | સુયગડાંગ સૂત્ર ભાગ-૫ | શ્રી શિલંકાચાર્ય | ગુજ | શ્રી માણેક મુનિ | ૩૫૧ |
| ૧૧ | રાયપસેણિય સૂત્ર | શ્રી મલયગિરિ | ગુજ | શ્રી બેચરદાસ દોશી | ૨૬૦ |
| ૧૨ | પ્રાચીન તીર્થ માળા ભાગ-૧ | આ. શ્રી ધર્મસૂરિજી | સં/ગુજ | શ્રી યશોવિજયજી ગ્રંથમાળા | ૨૭૨ |
| ૧૩ | ધાતુ પારાયણમ્ | શ્રી હેમચંદ્રાચાર્ય | સં. | આ. શ્રી મુનિચંદ્રસૂરિજી | ૫૩૦ |
| ૧૪ | સિદ્ધહેમશબ્દાનુશાસન લઘુવૃત્તિ ભા-૧ | શ્રી હેમચંદ્રાચાર્ય | સં/ગુજ | શ્રી બેચરદાસ દોશી | ૬૪૮ |
| ૧૫ | સિદ્ધહેમશબ્દાનુશાસન લઘુવૃત્તિ ભા-૨ | શ્રી હેમચંદ્રાચાર્ય | સં/ગુજ | શ્રી બેચરદાસ દોશી | ૫૧૦ |
| ૧૬ | સિદ્ધહેમશબ્દાનુશાસન લઘુવૃત્તિ ભા-૩ | શ્રી હેમચંદ્રાચાર્ય | સં/ગુજ | શ્રી બેચરદાસ દોશી | ૫૬૦ |
| ૧૭ | તાર્કિક રક્ષા સાર સંગ્રહ | આ. શ્રી વરદરાજ | સં. | રાજકીય સંસ્કૃત પુસ્તકાલય | ૪૨૭ |
| ૧૮ | વાદાર્થ સંગ્રહ ભાગ-૧ | વિવિધ કર્તા | સં. | મહાદેવ શર્મા | ૮૮ |
| ૧૯ | વાદાર્થ સંગ્રહ ભાગ-૨ | વિવિધ કર્તા | સં. | મહાદેવ શર્મા | ૭૮ |
| ૨૦ | વાદાર્થ સંગ્રહ ભાગ-૩ | વિવિધ કર્તા | સં. | મહાદેવ શર્મા | ૧૧૨ |
| ૨૧ | વાદાર્થ સંગ્રહ ભાગ-૪ | રઘુનાથ શિરોમણી | સં. | મહાદેવ શર્મા | ૨૨૮ |



Scanned with CamScanner

# સરસ્વતી પુત્રોને વંદના

## આ ગ્રંથોનું સંશોધન-સંપાદન કાર્ય ચાલુ છે.

**પ.પૂ.આ.શ્રી યોગતિલકસૂરિજી મ.સા. અને શિષ્યગણ (કનક-શાન્તીસૂરિજી સમુદાય)**

(૧) ગુજરાતી સ્તવન - ચોવીશી - પદ્ય સંગ્રહ

(૨) જીવવિચાર, લોક ભોગ્ય વિસ્તૃત વિવરણ-સચિત્ર

(3) નવતત્ત્વની પ્રાચીન બધી જ ટીકાનું સંપાદન તેમજ લોકભોગ્ય વિસ્તૃત વિવેચન

(૪) ઉપદેશ કંદલી-સટીક-અપ્રગટ કૃતિનુ સાત હસ્તપ્રતોને આધારે સંશોધન-સંપાદન

**પૂ.આ.ચંદ્રભૂષણસૂરિજી મ.સા. (પૂ.આ.શ્રી રામચંદ્રસૂરિજી સમુદાય)**

(૧) બારસા સૂત્ર મૂળ - સંશોધિત નૂતન ચિત્રો શાસ્ત્ર ગ્રંથો આધારિત

**પં.નિર્મલદર્શન વિજયજી મ.સા. (પૂ.આ.રામચંદ્રસૂરિજી સમુદાય)**

(૧) શ્રી શાન્તિસ્નાત્રાદિ વિવિધ વિધિ-વિધાન સંગ્રહ (૩૫ વિધિ વિધાનોનો સંગ્રહ)

## નૂતન પ્રકાશન - ૨૦૭૨

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા /સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૩૬ | સમ્યગ્દર્શન કેમ પામશો (૧) | પૂ.સંયમકીર્તિવિજયજી | ગુજ. | શ્રી સમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ |
| ૩૭ | સમ્યગ શ્રધ્ધાને આત્મસાત કરો (૨) | પૂ.સંયમકીર્તિવિજયજી | ગુજ. | શ્રી સમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ |
| ૩૮ | સમ્યગ્દર્શન અંગે વિશેષ વાતો (3) | પૂ.સંયમકીર્તિવિજયજી | ગુજ. | શ્રી સમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ |
| ૩૯ | સમ્યગ્દર્શનને સ્થિર કેમ બનાવશો(૪) | પૂ.સંયમકીર્તિવિજયજી | ગુજ. | શ્રી સમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ |
| ૪૦ | સમ્યગ્દર્શન (૫) (સમકિતના સડસઠ બોલ (કથા સહિત) | પૂ.સંયમકીર્તિવિજયજી | ગુજ. | શ્રી સમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ |
| ૪૧ | જૈન મત કા સ્વરૂપ | પૂ.સંયમકીર્તિવિજયજી | હિં/ગુજ. | શ્રી સમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ |
| ૪૨ | જૈન મત વૃક્ષ અને પદ્ય સાહિત્ય | પૂ.સંયમકીર્તિવિજયજી | હિં/ગુજ. | શ્રી સમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ |
| ૪૩ | યોગ સિદ્ધિના સોપાન ભાગ-૧,૨ | પૂ.સંયમકીર્તિવિજયજી | ગુજ. | શ્રી સમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ |
| ૪૪ | અધ્યાત્મ-ધ્યાન યોગ | પૂ.સંયમકીર્તિવિજયજી | ગુજ. | શ્રી સમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ |
| ૪૫ | જીવન કર્તવ્યને ઓળખીએ | પૂ.સંયમકીર્તિવિજયજી | ગુજ. | શ્રી સમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ |
| ૪૬ | ભાવના થકી ભવ મુક્તિ | પૂ.સંયમકીર્તિવિજયજી | ગુજ. | શ્રી સમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ |
| ૪૭ | ધર્મને મલિન બનાવનારા દોષોને ઓળખીએ | પૂ.સંયમકીર્તિવિજયજી | ગુજ. | શ્રી સમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ |
| ૪૮ | પ્રસંગ પુષ્પાંજલિ | પૂ.અક્ષયરત્નવિજયજી | સં. | ધર્મ કૃપા ટ્રસ્ટ |
| ૪૯ | નમામિ નિત્યં ગુરુ ધર્મસૂરિજી | પૂ.અક્ષયરત્નવિજયજી | સં. | ધર્મ કૃપા ટ્રસ્ટ |
| ૫૦ | Treasure of Qualities | પૂ.પ્રશમરત્નવિજયજી | અં. | ધર્મ કૃપા ટ્રસ્ટ |
| ૫૧ | દિવાળી ઉજવો એ પહેલા | પ્રિયમ્ | ગુજ. | નવભારત સાહિત્ય મંદિર |
| ૫૨ | Amidrashti | આ.ભુવનભાનુસૂરિજી | અં. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૫૩ | નવતત્ત્વ પ્રકરણ | આ.તીર્થભદ્રસૂરિજી | હિં/અં. | શ્રી શ્રમણ સેવા રીલીજીયસ ટ્રસ્ટ |
| ૫૪ | એક પસલી સંભારણું | આ.તીર્થભદ્રસૂરિજી | ગુજ. | શ્રી શ્રમણ સેવા રીલીજીયસ ટ્રસ્ટ |
| ૫૫ | સદ્ગુરુ શરણં મમ્ | આ.યશોવર્મસૂરિજી | ગુજ. | લબ્ધિ વિક્રમશાસન સેવા ટ્રસ્ટ |
| ૫૬ | સપ્તભંગી પ્રકાશ | પૂ.તીર્થબોધિવિજયજી | સં/ગુજ. | ત્રિભુવન ભાનુ સેવા ટ્રસ્ટ |



Scanned with CamScanner

# શ્રુતોપાસક ભગવંતોને વિનંતી

લેખક : પૂ.ભવ્યસુંદરવિજયજી મ.સા.

છેલ્લા બાર વર્ષમાં જ્ઞાનભંડારોના ક્ષેત્રમાં કેટલુંક કાર્ય કરવાનો લાભ મળ્યો. મુંબઇના જ જ્ઞાનભંડારોનો સંપૂર્ણ જીર્ણોદ્ધાર, બીજા અનેક ભંડારોના જીર્ણોદ્ધારમાં આંશિક માર્ગદર્શન, દસ જેટલા ભંડારોનું લિસ્ટ બનાવવું - કોમ્પ્યુટરાઇઝ કરવું, જૈન જ્ઞાનભંડાર માટેના ખાસ સોફ્ટવેરનું આયોજન વિગેરે કર્યા.

તે દરમિયાન જ્ઞાનભંડારોને લગતી અનેક સમસ્યાઓ નજરમાં આવી, તેમાંની એક છે.

અધૂરા-અપૂર્ણ લિસ્ટ....

લિસ્ટમાં ભળતી જ વિગતો હોય કે હોય જ નહીં...

આ સમસ્યાના બે મુખ્ય કારણો છે.

(૧) લિસ્ટ બનાવનાર વ્યક્તિ.

સંસ્કૃત-પ્રાકૃત કે શાસ્ત્રીય પરિભાષાઓથી અજાણ હોય છે.

(૨) ગ્રંથોના સંપાદનની પદ્ધતિ

દા.ત. : આવશ્યક નિર્યુક્તિની ટીકાનું મથાળું આ રીતે હોય છે.

" સૂરિપુરંદરહરિભદ્રસૂરિ સૂત્રિતવૃત્તિયુતં -
શ્રુતકેવલિભદ્રબાહુસ્વામી ગ્રંથિતનિર્યુક્તિયુતં -શ્રી આવશ્યક સૂત્રમ્ "

આને, સામાન્ય વ્યક્તિ, આવશ્યક નિર્યુક્તિ - ટીકા એ રીતે ઓળખી શકે તે દુષ્કર છે. લિસ્ટ અપૂર્ણ / અશુદ્ધ હોવાના કારણે, ભગીરથ પુરુષાર્થ કરીને સંપાદન, મુદ્રણ, વિતરણ કરેલ ગ્રંથ, અભ્યાસુના કામમાં આવી ન શકે, એ બહુ મોટી કરૂણતા છે.

આનો ઉપાય, સરળ છે, આપણા હાથમાં છે. ગ્રંથોનું સંપાદન કરનાર મહાત્માઓ જો લિસ્ટમાં લખવાની વિગતો એક નિયત ચોક્કસ (સ્ટાન્ડર્ડ) પદ્ધતિએ ગ્રંથમાં જ લખવાનુ શરૂ કરે ; અથવા ગ્રંથ જ્ઞાનભંડારમાં મોકલાય ત્યારે સાથેના પત્રમાં પણ એ વિગત જણાવે તો જ્ઞાનભંડાર સંભાળનારનું કાર્ય સરળ થશે, અભ્યાસુઓને શીઘ્ર ગ્રંથ મળશે અને સંપાદનની શ્રમણોની મહેનત સાર્થક થશે.

આવી પદ્ધતિ શું હોય શકે તે અંગેની મારી વિચારણા મુજબ એક ફોર્મેટ આ સાથે મૂક્યું છે.

જેમ કે જ્ઞાનભંડારના લિસ્ટમાં લખવાની વિગત....

(૧) ગ્રંથનું શાસ્ત્રીય નામ(દા.ત. વિવાહ પન્નતી)
(૨) ગ્રંથનું લોક પ્રસિદ્ધ નામ(દા.ત. ભગવતી સૂત્ર)
(૩) મૂળ સૂત્ર / ચૂર્ણિ / ટીકા / અનુવાદ / વિવેચન..... શું છે ? તે
(૪) ગ્રંથ એક થી વધુ ભાગમાં છપાવવાનો / છપાયેલ હોય તો ભાગ નં.
(૫) દરેક ભાગમાં કેટલા (ક્યા થી ક્યા) અધ્યયન ( કે શતક )ની વિગત
(૬) ગ્રંથ કર્તા
(૭) ચૂર્ણિકાર / ટીકાકાર વિગેરેના નામ
(૮) અનુવાદ/વિવેચન હોય તો અનુવાદક / વિવેચકના નામ
(૯) સંપાદક, પુનઃસંપાદન હોય તો પ્રાચીન પ્રકાશકનું પણ નામ



Scanned with CamScanner

# શ્રુતોપાસક ભગવંતોને વિનંતી

(૧૦) પ્રકાશક સંસ્થા. પુ:ન પ્રકાશન હોય તો પ્રાચીન પ્રકાશકનું પણ નામ
(૧૧) ભાષા (જેટલી હોય તે બધી) પ્રાકૃત, સંસ્કૃત, ગુજરાતી વગેરે
(૧૨) પ્રકાશન વર્ષ - વિક્રમસંવત
(૧૩) કુલ પાનાં અને સાઇઝ
(૧૪) વિષય :- આગમ, પ્રકરણ, ચરિત્ર કે વ્યાકરણ જે હોય તે
(૧૫) ગ્રંથની અંદર રહેલ બધી જ કૃતિના નામ

વિશેષ નોંધ :- જ્ઞાનભંડારમાં નોંધવા માટે રાખવાની સાવધાની :

(૧) ગ્રંથ, લેખક, પ્રકાશક વગેરે પૂર્વે શ્રી ન લખવું, ઘણીવાર કોમ્પ્યુટરમાં લિસ્ટ બનાવતી વખતે પણ શ્રી લખેલું હોવાથી, ભગવતી સૂત્ર,"ભ "ના બદલે અકરાદિમાં શ્રી માં પણ થઇ જાય.

(૨) લેખક વગેરેની પદવી (આચાર્ય, ઉપાધ્યાય વિગેરે) કૌંસમાં લખવી. (ગૃહસ્થ હોય તો પંડિત, શેઠ વિગેરે પણ) કોમ્પ્યુટરમાં લિસ્ટ બને ત્યારે પદવીના કારણે મુશ્કેલીઓ થતી હોય છે.

(૩) એક જ નામ ઘણી પ્રસિદ્ધ વ્યક્તિનું હોય, ત્યારે કૌંસમાં ઓળખ આપવી. જેમકે હેમચન્દ્રસૂરિ (કલિકાલસર્વજ્ઞ), હેમચન્દ્રસૂરિ (મલધારી), હેમચન્દ્રસૂરિ (નેમિસૂરિ સમુદાય) હેમચન્દ્રસૂરિ (ભુવનભાનુસૂરિ સમુદાય)

(૪) પ્રકાશક સંસ્થાનું નામ લખવું. સેક્રેટરી વિગેરે વ્યક્તિનું નહીં. ઘણાં લિસ્ટોમાં પ્રકાશક સંસ્થાના બદલે જીવણચંદ સાકરચંદ જેવા નામો જોવા મળે છે. જે અશુદ્ધ છે.

(૫) ઘણીવાર લાભ લેનાર સંઘ, પ્રકાશક બનાવાય છે.વાસ્તવિક પ્રકાશન કરનાર સંસ્થા જુદી હોય છે. લિસ્ટમાં પ્રકાશક સંસ્થા એ અભિપ્રેત છે કે જેની પાસેથી એ ગ્રંથ પ્રાપ્ત થઇ શકે. બહુશ્રુત મહાત્માઓને હૃદયપૂર્વક વિનંતી છે કે આ પદ્ધતિને અનુસરીને વિગતો આપે.

---

અનુસંધાન પાન નં- ૧ નું આગળ

(૩) પુસ્તકો છપાયા બાદ તેના વેચાણ કે વિતરણની જો વ્યવસ્થા ન હોય તો તો બહુ ભારે થઇ પડે છે. ઘણા સંઘોમાં, સંઘ દ્વારા લાભ લેવાયેલ કે પ્રકાશિત પુસ્તકો ૧૦૦-૨૦૦ ના સ્ટોકમાં પડ્યા રહે છે. પ્રિન્ટરો સમજાવે કે પાંચસો છપાવો કે હજાર, કોસ્ટમાં બહુ ફરક નહિ પડે. એટલે મન લલચાય ને હજાર છપાવી દેવાય, પણ કલાન્તરે જોતાં એ ૨૦૦-૫૦૦ પસ્તીમાં જ જતી રહે છે, જેનું કાંઇ વળતર હોતું નથી અને એ છપાવવામાં લાગેલા જ્ઞાનખાતા કે સાધારણના રૂપિયાનું ડેડ ઇન્વેસ્ટમેન્ટ થાય એ નફામાં અને કાગળના બિનજરૂરી વપરાશને લીધે દોષના ભાગીદાર અજાણતા પણ થવાય છે. માટે બહુ જ વિચારણા અને વિવેક પૂર્વક પુસ્તકોના પ્રિન્ટીંગ સંદર્ભે ધ્યાન દેવા યોગ્ય છે. આપણા પૂજનીય ગુરુભગવંતનોના શ્રમણધર્મની મર્યાદા અનુસાર તેઓ ઇલેક્ટ્રીક સાધનાનો વપરાશ ન કરતા હોઇ, તેમને તો હાર્ડ કોપીની જરૂર રહેશે જ એમ વૃદ્ધ વ્યક્તિઓને પણ હાર્ડ કોપી જ વધુ ઉપયોગી થશે. એટલે છાપકામ-પ્રિન્ટીંગ બાબતે અમારો નેગેટીવ એપ્રોચ નથી. પણ એ જે વ્યક્તિને જે રીતે ઉપયોગમાં આવી શકે એમ હોય, તે રીતે તેના વિવેક ઔચિત્ય પૂર્વક પુસ્તક પ્રકાશનો કરવા જોઇએ. અને ખાસ તો સંખ્યા મર્યાદિત રાખવી જોઇએ. આ અમારા પ્રેક્ટીકલ અનુભવ પ્રમાણે લખ્યું છે. છતાંય અમારી ક્યાંય સમજફેર થતી હોય તો પૂજ્યોને ધ્યાન દોરવા વિનંતી..



Scanned with CamScanner

# ચિત્રમય જ્ઞાનવારસો

(૧) બારસાસૂત્ર ચિત્ર સંપૂટ :- પૂ. આ. શ્રી જગવલ્લભસૂરિજી મ. સા. ની પ્રેરણાથી બારસાસૂત્રના ૧૦૦ ચિત્રોનો ૧૫ X ૨૦ સાઇઝમાં સુંદર ચિત્ર સંપૂટ તૈયાર કરવામાં આવ્યો છે. જે પર્યુષણમાં બારસા સૂત્રના વાંચન વખતે ચિત્ર દર્શન માટે ખૂબ જ ઉપયોગી છે અને ફક્ત રૂા.૪૫૦૦/- ની કિંમત માં ઉપલબ્ધ છે. સંપર્ક : હિતેશભાઇ વડેચા -મુંબઇ મો. ૯૮૨૦૦૭૩૩૩૬

(૨) ૬૮ તીર્થ દર્શન :- પૂ. આ. શ્રી જગવલ્લભસૂરિજી મ. સા. ની પ્રેરણાથી ૬૮ તીર્થોના ચિત્રો અને ટૂંકમાં પરિચય સાથે ૧૫ X ૨૬ સાઇઝમાં ચિત્ર સંપૂટ નૂતન તૈયાર કરવામાં આવેલ છે. જે પણ સંઘોને જરૂર હોય તેઓએ પૂજ્યશ્રીનો સંપર્ક કરવા વિનંતી છે. અન ફક્ત પડતર કિંમતમાં જ આપવામાં આવશે. સંપર્ક : હિતેશભાઇ વડેચા -મુંબઇ મો. ૯૮૨૦૦૭૩૩૩૬

(૩) The Real Universe ચિત્ર સંપૂટ :- પૂજ્ય દીક્ષાદાનેશ્વરી પૂ. આ. શ્રી ગુણરત્નસૂરિજી તથા પૂ. આ. શ્રી રશ્મિરત્નસૂરિજીની પ્રેરણાથી પૂ. મુનિરાજ શ્રી ચારિત્રરત્નવિજયજી દ્વારા બનાવેલ "સર્વજ્ઞ કથિત બ્રહ્માંડ " માંથી ચૂંટેલા ૯૬ જેટલા ચિત્રોનો સેટ તૈયાર કરેલ છે જે પાઠશાળા માટે તેમજ તત્વજ્ઞાનની શિબિર કે પ્રવચનોમાં ઉપયોગી છે. સાઇઝ ૧૨ X ૧૮ ફક્ત રૂા. ૧૧૦૦૦ તેમજ મોટી સાઇઝ ૧૭ X ૨૧ માં સનબોર્ડ ઉપર બનાવેલ રૂા. ૨૧૦૦૦ માં મળશે. સંપર્ક : પ્રતિકભાઇ શાહ મો. ૯૪૨૬૩૬૫૯૨૯

(૪) અનુમોદના :- પૂ. આ. શ્રી મુનિચંદ્રસૂરિજીના માર્ગદર્શન અને સક્રિય પ્રયત્નોથી સુરતમાં પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોના સંશોધન સંપાદન અને લિપ્યંતરણના કાર્ય અંગે એક દિવસની વર્કશોપ યોજવામાં આવેલ, જેમાં અમદાવાદથી શા. બાબુલાલ સરેમલ પણ હાજર રહ્યા હતા. અને પૂજ્ય શ્રીની પ્રેરણાથી શ્રી સુરત જૈન સંઘોની ઉદારતા અને ઉત્સાહને પરિણામે તા. ૧૭ થી ૨૫ ઓક્ટોબર સુધી લિપ્યંતરણ શીખવવા માટે એક સાથે પાંચ સ્થળે (ઉમરા, ગોપીપુરા, કૈલાશનગર, અડાજણ અને કતારગામ) રોજના ૨.૩૦ કલાકના વર્ગો ચાલુ કરવામાં આવ્યા હતા. જેમાં અમદાવાદ થી શ્રીમતી પ્રિતીબેન પંચોલી અને શ્રી ચેતનભાઇ ભોજક પોતાની સેવાઓ આપી હતી.

આ શિબિર દ્વારા લગભગ ૧૫૦ ગુરુભગવંતો એક સાથે લિપ્યંતરણ કાર્યનો અભ્યાસ કરીને સંશોધન-સંપાદન માટે તૈયાર થયા છે.

---

અહો ! શ્રુતજ્ઞાનમ્

Printed Matter BookPosted 114(7)
U/C, 5A P & T Guide hence not be taxed

Rs. 1
Ticket

પ્રકાશક :
શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર
શા. વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હિરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
મો : ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩
E-mail : ahoshrut.bs@gmail.com
Website : www.ahoshrut.org